સુઘડ કેનાલમાંથી બિનવારસી મહિલાનો મૃતદેહ મળી આવ્યો

દસેક દિવસથી પાણીમાં પડી રહેલો મૃતદેહ ખદબદી જતા સ્થળ પર જ પોસ્ટમોર્ટમ થયું

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર નજીક આવેલી સુઘડ નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં એક બિનવારસી મહિલાનો તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. આ મૃતદેહ કેનાલના પાણીમાં દસેક દિવસથી પડ્યો રહ્યો હોય તેમ કોહવાઈને ખદબદી ઉઠ્યો હતો. અડાલજ પોલીસે સ્થળ પર જ પોસ્ટમોર્ટમ કરાવીને અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઓળખ માટે તજવીજ શરૂ કરી છે.

કેનાલ સિક્યુરીટી ગાર્ડ જે આજે બપોરના અરસામાં સુઘડ નર્મદા કેનાલમાં એક અજાણી મહિલાનો તરતો મૃતદેહ દેખાઈ આવ્યો હતો. આ સંદર્ભે અડાલજ પોલીસને જાણ કરીને બોલાવી લેવામાં આવતા જમાદાર ભીખાભાઈ સ્થળ પર દોડી આવ્યા હતા. મૃતદેહ બહાર કાઢી તપાસ કરતાં આશરે ૪૫ થી ૫૦ વર્ષની અજાણી મહિલાનો મૃતદેહ હતો. તેણીના શરીરે લાલ-પીળા રંગની સાડી પહેરેલી હતી. તેણીની ઓળખ થાય તેવી કોઈ જ ચિજ મળી આવી નથી. મૃતદેહ દેખતા કેનાલમાં દસેક દિવસથી પડી રહ્યો હોય તેવુ પોલીસને જણાઈ આવ્યું છે. મૃતદેહ કોહવાઈ ગયેલી અને સાવ ખદબદી ગયેલી હાલતમાં હતો. મૃતદેહ ગાંધીનગર પોસ્ટમોર્ટમ રૂમ સુધી પહોંચાડવો પણ શક્ય ન હોવાથી ડોક્ટર તથા ટીમને સ્થળ પર બોલાવી લઈને કેનાલની બહાર જ પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃત્યુનું કારણ તથા મૃતકની ઓળખ બહાર લાવવા દોડધામ શરૂ કરી છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

વરસાદી માહોલમાં ચિલોડા પંથકમાં ડાંગરની રોપણીમાં ખેડૂતો વ્યસ્ત

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહથી મેઘરાજાની મહેર થતાં ખેડૂતોમાં ખુશીની લહેર પ્રવર્તી રહી છે. ખેડૂતોમાં અનેક રાહત અને સંતોષની લાગણી પ્રવર્તી રહી છે. પરિણામે પિયત જમીન ધરાવતા ખેડૂતો તથા પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા ખેડૂતોએ મોટાભાગે વરસાદનો માહોલ જોતાં ડાંગરના પાક તરફ ઝોક આપતા ખેતરો વરસાદી પાણી ભરાતાં ડાંગરનું વાવેતર કરતા નજરે પડે છે. આમ છતાં કેટલાંક ખેડૂતો રોકડિયા પાક તરફ આકર્ષાયા હોવાનુ જણાય છે. જ્યારે સંતોષકારક વરસાદના એંધાણ વર્તાતા ડાંગરના વાવેતર માટે ખેડૂતો આકર્ષાયા છે. તેમ છતાં અગાઉથી ડાંગરનું ધરૂનું આયોજનના અભાવે કેટલાક ખેડૂતો મોંઘુદાટ ધરૂ મેળવવા તલપાપડ બન્યા છે.

સુમોનો ફિલ્મી ઢબે પીછો કરીને પોલીસે દારૂનો જથ્થો પકડયો

પોલીસને બે કિલોમીટર દોડાવી : વરસાદને કારણે દશેલામાં પડી ગયેલા ઝાડ સાથે પોલીસથી બચવા ભાગી રહેલી સુમો અથડાઈ : ૫.૩૭ લાખના મુદ્દામાલ સાથે એકની ધરપકડ

ગાંધીનગર, તા.૧૪

હિંમતનગર-ચિલોડા હાઈવે પરથી દારૂ-બિયરનો જથ્થો ભરેલી સુમો ગાડી પસાર થતી હોવાની બાતમીને આધારે ચિલોડા પોલીસે નાકાબંધી કરી દીધી હતી પોલીસને જોઈને સાદરા રોડ પર ભાગેલ બુટલેગરનો પોલીસે બે કિમી સુધી ફિલ્મી ઢબે પીછો કર્યો. દશેલા ગામની સીમમાં એક રસ્તા વચ્ચે વરસાદને કારણે પડી ગયેલા ઝાડને પગલે રસ્તો ન મળતા પોલીસથી ભાગી રહેલા બુટલેગરની સુમો ઝાડ સાથે અથડાઈ ગઈ હતી. પોલીસે દારૂ-બિયરનો જથ્થો તથા સુમો ગાડી મળીને રૂ. ૫.૩૭ લાખના મુદ્દા માલ સાથે એકની ધરપકડ કરી લીધી છે જયારે એક નાસી છુટવામાં સફળ રહ્યો છે.

ચિલોડા પી.આઈ. એલ.બી. મોણપરાને આજે બાતમી મળી હતી કે હિંમતનગર-ચિલોડા હાઈવે પરથી ટાટા સુમો નં. આર.જે. ૧૬ યુ.એ. ૩૨૧૯ પસાર થઈ રહી છે જેમાં કોથળામાં ભરી ભરીને દારૂ-બિયરનો જથ્થો લઈ જવાઈ રહ્યો છે જેને આધારે પી.આઈ. મોણપરા તથા પોલીસ કોન્સ્ટેબલ દેવેન્દ્રસિંહ, વિષ્ણુભાઈ અને એ.એસ.આઈ. દિલાવરખાન સહીતની ટીમ ગીયોડ પાસે વોચ પર ગોઠવાઈ ગઈ હતી. અને નાકાબંધી કરી દીધી હતી. તે દરમિયાન ટાટા સુમોનો ચાલક અને બુટલેગરે પોલીસને જોઈ જતાં રસ્તો બદલી નાંખ્યો હતો અને ભાગ્યા હતાં. પોલીસે ભાગી રહેલી સુમોને જોઈ જતાં તેનો પીછો કર્યો હતો. બે કલાક સુધી પોલીસને દોડાવ્યા બાદ સુમો દશેલા ગામની સીમમાં એક ઝાડ સાથે ટકરાઈ ગઈ હતી.

રસ્તા વચ્ચે પડી ગયેલા ઝાડને કારણે ભાગી રહેલા બુટલેગરને રસ્તો ન મળતા અથડાવી દીધી હતી. ચિલોડા પોલીસે ૬૭૭ નંગ વિદેશી દારૂની નાની મોટી બોટલ અને ૯૬ નંગ બિયરના ટીન મળીને રૂ. ૧,૩૭,૬૦૦ની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો તથા ચાર લાખની કિંમતની સુમો મળીને રૂ. ૫,૩૭,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઉદેપુરના જગદીશ દેવીલાલજી પટેલની પોલીસે ધરપકડ કરી લીધી છે જયારે તેની સાથે બેસેલો બુટલેગર સુનીલ ફરાર થઈ ગયો હતો. પોલીસે તેની શોધખોળ શરુ કરી છે.

હેલ્પીંગ હેન્ડસ્ અને દાદા ભગવાન પરિવારે વૃક્ષારોપણ યોજ્યું

ગાંધીનગરમાં કાર્યરત ધ હેલ્પીંગ હેન્ડસ્ અને દાદા ભગવાન પરિવાર વાય.એમ.એચ.ટી. ગૃપના સંયુક્ત ઉપક્રમે તાજેતમાં સેક્ટર-૧ ખાતે વૃક્ષારોપણ અને સત્સંગ કાર્યક્રમ યોજાયા હતા. સદ્ વિચાર સત્સંગનું મૂળ છે તેમ ગાંધીનગરના હેલ્પીંગ હેન્ડસ અને દાદા ભગવાન પરિવારના સભ્યો સાથે ૨૫૦ જેટલા સ્થાનિકજનો દ્વારા સત્સંગનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સેક્ટર-૧ની અંદર વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. દરેક પરિવારને હરિયાળા ગાંધીનગરનો સંદેશ પાઠવવા ઉભય સંસ્થાઓએ દરેકને મીઠો લીમડો અને તુલસીના છોડનું વિતરણ કર્યુ હતું.

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગરનો માણસામાં અભિવાદન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર દ્વારા માણસા તાલુકાના સ્ત્રી-પુરૂષ જાતિ પ્રમાણના સમતુલિત ગામોનો અભિવાદન કાર્યક્રમ તાજેતરમાં ગાયત્રી મંદિર સંકુલ, માણસા ખાતે યોજાયો હતો.

'સ્ત્રી ભ્રુણ હત્યા, બેટી બચાવો' ઝુંબેશની સફળતા માટે તેના કારણો અને ઉપાયોનો ચિંતન કાર્યક્રમ જાયન્ટસ ગૃપ દ્વારા યોજ્યો હતો. કાર્યક્રમમાં ઈન્ચાર્જ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી બી.જે. ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા વિકાસ અધિકારીએ જાયન્ટસ ગૃપના પદાધિકારીઓને આ ઝુંબેશ હાથ ધરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. માણસા તાલુકાના પાલડી, અનોડિયા અને ગુન્મા ગામોમાં સ્ત્રી પુરૂષ જાતિ પ્રમાણ સમતુલિત હોવાથી આ ત્રણેય ગામોના સરપંચ, પ્રતિનિધિઓનું અભિવાદન જિલ્લા વિકાસ અધિકારીના વરદ હસ્તે એવોર્ડ આપી કરવામાં આવ્યું હતું. જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી આર.આર. વૈદ્ય, માણસા તાલુકાના બ્લોક ઓફિસર ડૉ. દક્ષાબેન પટેલ, નિવૃત્ત અધિક કલેક્ટર ડૉ. બી.આર. પટેલ, ડાયરેક્ટર મયૂર દૂબેદી, અમૃતભાઈ પટેલ, જાયન્ટસ ઈન્ટરનેશનલ મુંબઈના સેન્ટ્રલ કમિટિના સભ્ય રસિકભાઈ સુથાર અને હર્ષદભાઈ પટેલે આ પ્રસંગે પ્રાસંગિક વક્તવ્ય આપી સ્ત્રી ભ્રૂણ હત્યા, બેટી બચાવો કાર્યક્રમને યોજવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

જાયન્ટસ ઈન્ટરનેશનલ ફેડરેશન ૩ સીના યુનીટ ડાયરેક્ટર સાંકાભાઈ પટેલે ધર્મ વ્યવસ્થા, સમાજ વ્યવસ્થા અને રાજય વ્યવસ્થાની વિગતો રજુ કરી સ્ત્રી ભ્રૂણ હત્યા-બેટી બચાવો'ની જરૂરિયાત પર ભાર મુકેલ હતો.

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર (મેઈન)ના પ્રમુખ બાબુભાઈ એમ. પટેલે રક્તદાન કેમ્પ, નેત્ર ચિકિત્સા કેમ્પ, પર્યાવરણ બચાવો ઝુંબેશ, સ્ત્રી ભ્રુણ હત્યા-બેટી બચાવો' જેવી અનેક સમાજ સેવાની પ્રવૃત્તિઓ જાયન્ટસ ગૃપ કરી રહેલ છે તેની વિગતો રજુ કરેલ અને વધુમાં જણાવેલ કે, 'બેટી બચાવો' ઝુંબેશને ગંભીર સમસ્યાના ભાગરૂપે સ્વીકારેલ છે અને તેના ઉપાય અને નિવારણ માટે આ સંસ્થા કાર્યરત રહેશે.

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર સાહેલીના પ્રમુખ શ્રીમતી ગાયત્રીબહેન પટેલ તેમના તમામ સભ્યોને લઈને માણસા ખાતેના કાર્યક્રમમાં હાજરી આપી સહભાગી બનેલ હતા.

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર (મેઈન)ના ડાયરેક્ટર ઓફ એડમીનીસ્ટ્રેશન રમેશભાઈ આઈ. પટેલે આભારવિધિ કરી હતી. તથા કાર્યક્રમનું સંચાલન ચંદ્રકાન્તભાઈ પટેલે સુંદર રીતે સંભાળેલ હતુ.

લોકાચાર પતાવીને પરત ફરતા પટેલ પરિવારને અકસ્માત : ૯ ઘાયલ

ડભોડા ત્રણ રસ્તાથી ચિલોડા જતા માર્ગ પર ડમ્પર અને ટેમ્પો સામસામે અથડાયા : ટેમ્પોના કુરચા ઉડી ગયા

ગાંધીનગર, તા. ૧૪

સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકા વિસ્તારમાંથી ગાંધીનગર નજીક આવેલા ડભોડા ગામે ટેમ્પો કરીને પટેલ પરીવાર લોકાચારમાં આવ્યુ હતુ. લોકાચાર પતાવીને તેઓ પરત ફરી રહ્યા હતા તે દરમ્યાન ડભોડા ત્રણ રસ્તાથી ચિલોડા જતાં માર્ગ પર પુનમ બંગ્લોઝ સામે બેફામ આવતા ડમ્પરે ટેમ્પોને સામેથી અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ટેમ્પોના કુરચા બોલી ઉઠ્યા હતા. ટેમ્પોમાં સવાર પટેલ પરીવારના સભ્યો અને તેમના સહિત ૯ જણા ઘાયલ થયા તે તમામને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ચિલોડા પોલીસે ડમ્પર ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરીને તેની શોધખોળ શરૂ થઈ છે.

પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામમાં રહેતુ પટેલ પરીવાર ટેમ્પો (મીની ટ્રક)માં બેસીને ડભોડા ખાતે લોકાચારમાં હાજરી આપવા આવ્યા હતા. આજે બપોરે તેઓ પરત ફરી રહ્યા હતા તે દરમ્યાન ચિલોડા તરફથી આવી રહેલી ડમ્પરે સામેથી ધડાકાભેર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. ટેમ્પો નં. જીજે-૯-જેડ-૬૦૧ ઉનો ડમ્પર નં. જીજે-૯-જેડ-૯૬૬૬ ની જબરદસ્ત ટક્કર વાગતા ખુદડો બોલી ઉઠ્યો હતો અને ટેમ્પોમાં સવાર પટેલ પરિવારના આઠ સભ્યો તથા ડ્રાઈવર અકસ્માતમાં ઘાયલ થયા હતા. ડ્રાઈવર નખિલ રાવળ તથા ટેમ્પોમાં સવાર રમીલાબેન જગદીશભાઈ પટેલ, કાન્તાબેન ગાંડાભાઈ પટેલ, ભરતભાઈ ઈશ્વરભાઈ પટેલ, જગદીશભાઈ ઈશ્વરભાઈ પટેલ, ગાયત્રીબેન ભરતભાઈ પટેલ, મનુભાઈ રણછોડભાઈ પટેલ, નટુભાઈ ત્રીકમભાઈ પટેલ અને ડાહ્યાભાઈ મયુરભાઈ પટેલ મળીને ૯ વ્યક્તિઓને ઈજાગ્રસ્ત હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. ત્યાંથી ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. ચિલોડા પોલીસમથકના વિરેન્દ્રસિંહે ટેમ્પોચાલક નિખિલ રાવલની ફરીયાદને આધારે ડમ્પરના ફરાર થઈ ગયેલા ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સે. ૨૬માં વધુ એક મહિલા ચેઈન સ્નેચરોનો ભોગ બની

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના સેક્ટર-૨૬ વિશાલ પાર્લર પાસેથી ચાલતી જઈ રહેલી એક મહિલાને આજે બપોરે બાઈક પર આવેલા બે ચેઈન સ્નેચરોએ નિશાન બનાવી હતી. સે. ૨૭ તરફથી બાઈક પર આવેલા બે જણા ચાલતી જતી મહિલા પાસે પહોંચ્યા અને ગળે હાથ મારીને સોનાનો ચેઈન આંચકી લઈ ભાગ્યા હતા. મહિલાએ બુમાબુમ કરી પરંતુ ટોળુ ભેગુ થાય ત્યાં સુધીમાં બન્ને શખ્સો બાઈકમાં રફુચક્કર થઈ ગયા હતા. જો કે આ સંદર્ભે મહિલાએ પોલીસ ફરીયાદ કરવાનું ટાળ્યું હોવાનું જાણવા મળ્યું છે.

રણાસણ પાસેથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક આવેલા રણાસણ ગામની સીમ, સરદાર પટેલ રીંગરોડ, ગામઠી હોટલ સામેથી આજે આશરે ૩૫ થી ૪૦ વર્ષની ઉંમરના અજાણ્યા યુવાનનો મૃતદેહ બીનવારસી હાલતમાં મળી આવ્યો હતો. તેના શરીરે અડધી બાંયની ટીશર્ટ અને કમરે કેપરી પહેરેલી છે. હજુ સુધી આ યુવાનની ઓળખ થઈ શકી નથી. યુવાનના મૃત્યનું ચોકકસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી. જો કે તેના શરીરે કોઈ વાગ્યાના નિશાન કે ઉઝરડા પણ ન હોવાથી બિમારીથી મૃત્યુ થયું હોવાની આશંકા વ્યકત કરી ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી પીએસઆઈ પરમારે તપાસ શરુ કરી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૧
સૂર્યાસ્ત : ૭.૧૭

તાપમાન

મહત્તમ : ૩૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૬ ટકા ● સાંજે ૮૮ ટકા
વરસાદ ૩૦ મીમી

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
પેસિફિક રીમ૩-ડી(હિન્દી) : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૧૦.૩૦
ભાગ મિલ્ખા ભાગ : ૭.૦૦

: સ્ક્રીન-૨ :
લૂટેરા : ૧૦.૧૫, ૪.૦૦
પોલીસગીરી : ૧.૦૦
રાંઝણાઃ ૬.૪૫

: સ્ક્રીન-૩ :
ભાગ મિલ્ખા ભાગ :૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦

: સ્ક્રીન-૪ :
ભાગ મિલ્ખા ભાગ : ૯.૩૦, ૧.૦૦, ૪.૩૦, ૮.૦૦

સૂર્યા, વાવોલ

પોલીસગીરી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ભાગ મિલ્ખા ભાગ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦,૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
પોલીસગીરીઃ ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
લૂંટેરા : ૧૦.૦૦, ૧૦.૦૦, ૭.૩૦, ૧૦.૧૫
ભાગ મિલ્ખા ભાગ : ૪.૦૦

સિરાગ, કલોલ

પોલીસગીરી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કુટુંબના સભ્યો સાથે મતભેદ થઈ શકે છે.

વૃષભ : નિર્ણયોને ખાનગી રાખવા જરૂરી છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. આવક- ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે.

મિથુન : બુદ્ધિ અને મનોબળથી સુખ-સંપન્નતાની સ્થિતિ બનશે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા.

કર્ક : મિત્રોની સાથે સમય પસાર થશે. નવા સંબંધ બની શકે છે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

સિંહ : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

કન્યા : સ્થાયી સંપતિ ખરીદની સંભાવના છે. પ્રયત્નોમાં સફળતા મળશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર-ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે. વધુ પ્રયત્ન કરવો પડશે.

તુલા : મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું. ઋણ લેવું પડી શકે છે. કૌટુંબિક ચિંતાથી મન ખિન્ન થશે. વધુ ખર્ચ ન કરવો, નહીં તો મુશ્કેલી થઈ શકે છે. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

વૃશ્ચિક : કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના. અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

ધન : કાર્યક્ષેત્રમાં વિઘ્નો ઉત્પન્ન થઈ શકે છે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ.

મકર : ધર્મમાં આકર્ષણ વધશે. મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે.

કુંભ : પરિવારમાં સુખ શાંતિનું વાતાવરણ રહેશે. સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. શાસનથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે.

મીન : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

ચિરવિદાય

- સ્વ. શાંતાબેન જશુભાઈ પટેલ(ઉ.વ.૮૦) પ્લોટ નં. ૪૫૬/૧, સેકટર- ૬/એ, ગાંધીનગર.
- સ્વ. ભાથુજી ઉદાજી વાઘેલા(ઉ.વ.૮૦) મુ.પો. લેકાવાડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ભેમાજી જોઈતાજી ઠાકોર(ઉ.વ.૭૦) મુ.પો. ધણપ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કાન્તિભાઈ કેશવલાલ નાયી(ઉ.વ.૭૪) પ્લોટ નં. ૩૭૩/એ-૧, સેકટર- ૨૮, ગાંધીનગર.
- સ્વ. ચંપાબેન નાગજીભાઈ પુરણીયા(ઉ.વ.૬૦) બ્લોક નં. ૧/૨, જ-ટાઈપ, સેકટર- ૧૨, ગાંધીનગર.
- સ્વ. ગૌરીબેન ગણેશભાઈ પટેલ(ઉ.વ.૭૫) પ્લોટ નં. ૧૮૪/૨, સેકટર- ૩/એ-ન્યુ, ગાંધીનગર.